# આજથી શાળા કોલેજોમાં ૨૧ દિવસનુ દિવાળી વેકેશન : વિદ્યાર્થીઓને મજા

**આગામી તા ૧૪ નવેમ્બરથી દિવાળી વેકેશનના અંતે દ્વિતિય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે**

ગાંધીનગર તા ૨૩

શાળા કોલેજોમાં આજથી ૨૧ દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. વિદ્યાર્થીઓ અભ્યાસુ પ્રવૃતિથી દુર હટીને દિવાળીના પર્વની મજા લુંટતા નજરે પડશે. જો કે દિવાળી પર્વના વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓએ શાળાકક્ષાએથી અપાયેલા હોમ વર્કને પણ પુરુ કરવાનુ રહેશે.જયારે ૨૧ દિવસના વેકેશનના અંતે તા ૧૪ નવેમ્બરથી દ્વિતિય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

શાળા કોલેજોમાં આવતીકાલથી ૨૧ દિવસનુ દિવાળી વેકેશન રહેશે. દિવાળી વેકેશન આગામી તા ૧૩ નવેમ્બરના રોજ પુર્ણ થશે. જયારે તા ૧૪ નવેમ્બરથી દ્વિતીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ અભ્યાસુ પ્રવૃતિથી દુર હટીને વેકેશનમાં રજાનો માહોલ જોવા મળશે. પ્રથમ શૈક્ષણિક સત્ર દિવાળી વેકેશનના પ્રારંભે પુર્ણ થશે જયારે તા ૧૩ નવેમ્બરથી શાળા કોલેજોમાં દિવાળી વેકેશન શરૂ થઈ જતા વિદ્યાર્થીઓ પણ પોતાની મસ્તીમાં જોવા મળી રહ્યા છે. વિદ્યાર્થીગણમાં વેકેશનને અનુલક્ષી ઉત્સાહનો મોહાલ જોવા મળી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર છે. દિવાળીની ઉજવણીમાં નાના બાળકોથી લઈ મોટેરા પણ જોડાય છે. જયારે શાળાઓમાં પણ દિવાળી નિમિત્તે વર્ષાથી ૨૧ દિવસની રજા આપવાની પરંપરા છે. ગાંધીનગર સહીત સમગ્ર ગુજરાતની શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ દિવાળી વેકેશન આપવામાં આવ્યુ છે. શાળા કોલેજમાં આવતીકાલ તા ૨૪ ઓકટોબરના રોજ અગિયારસથી વેકેશન શરૂ થશે. જે ૨૧ દિવસ એટલે કે ૧૩ નવેમ્બર સુધી દિવાળી વેકેશનના ભાગરૂપે રજા આપવામાં આવી છે. કેટલીક શાળાઓમાં છેલ્લા બે દિવસથી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નહીં આવવાના લીધે વેકેશન જેવો જ માહોલ છે. જયારે કેટલીક શાળાઓમાં દિવાળી વેકેશનનુ થોકબંધ હોમવર્ક શિક્ષકો દ્વારા આપવામાં આવ્યુ છે. જેથી વિદ્યાર્થીઓ દિવાળીમાં પણ અભ્યાસુ વૃતિમાં વ્યસ્ત રહે તેવી સ્થિતિ છે. વેકેશનમાં દિવાળી ઉપરાંત વાઘબારસ ધનતેરસ, કાળીચોદશ , બેસતુ વર્ષ ભાઈબીજ તેમજ લાભ પાંચમના તહેવારો વિદ્યાર્થીઓ માંણી શકશે અને તા ૧૪ નવેમ્બરથી વિદ્યાર્થીઓ બીજા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે શાળાએ જતા નજરે પડશે શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓના કોલાહાલથી ગુંજતા થશે. દિવાળી વેકેશનથી પ્રથમ સત્રના અંત બાદ દ્વિતીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

# આજથી દિવાળી પર્વોનો પ્રારંભ

**નગર દિવડાઓના ઝગમગાટથી દીપી ઉઠશે : અંતર મનમાં પણ ઉજાસ પાથરતા પર્વની ઉજવણી માટે નગરજનોમાં ઉત્સાહ**



ગાંધીનગર તા ૨૩

આજથી દિવાળીના પર્વનો પ્રારંભ થશે. દિવડાઓની દિવ્ય જયોત સાથે રંગબેરંગી રોશનીથી નગરના સેકટરોમાં પ્રત્યેક ઘરોમાં અનોખો ઉજાસ પથરાશે. જયારે શોપિંગ બજારોમાં પણ રોનક જોવા મળશે. હીન્દુ સંસ્કૃતિના સૌથી મોટા પર્વની નગરમાં પારિવારિક માહોલમાં વિશેષ ઉજવણી કરવામાં આવે છે. અંતર મનમાં ઉજાસ પાથરતા આ પર્વમાં સંબધોને તાજા કરવાની સાથે ઉજાસ પાથરવાની પણ ક્ષમતા છે.

હીન્દુ સંસ્કૃતિના સૌથી મોટા દિવાળીના પર્વનો આજથી પ્રારંભ થશે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતા આ પર્વની ઉજવણીનો અનેરો ઉત્સાહ નગરજનોમાં જોવા મળી રહ્યો છે. દિવાળીના પર્વ દરમિયાન મીઠાઈ ખાઈને મોં મીંઠુ કરવાની સાથે મનમાં રહેલી કડવાશ પણ દુર કરીને સંબંધોને નવી તાજગી આપવામાં આવે છે. અંતર મનમાં પણ દિવડાઓની દિવ્ય જયોત સાથે અજવાળુ પથરાય છે. અંધકાર ઉલેચતા પર્વ દરમિયાન સેકટરોની શેરીઓમાં રંગબેરંગી રોશની અને દિવડાઓની દિવ્ય જયોતના અજવાળા પથરાશે. દિવાળીનુ પર્વમાં બધુ નવુ જોવા મળે છે. અલબત્ત સંબંધોમાં પણ ક્યાંક જુની કડવાશ દુર કરી મીઠાશના બીજ રોપે છે.નકારાત્મકતાને જાકારો આપી નવા વિચારો સાથે મનમાં અનેરો ઉત્સાહ ભરતા દિવાળી પર્વમાં ઘર , દુકાનોને નવા શણગાર કરવામાં આવે છે. જેની સાથે નગરજનો પણ નવા શણગાર સાથે ઉત્સાહમાં એકમેકને દિવાળીની શુભકામના પાઠવી સંબંધોને તાજા કરે છે. દિવડાઓથી જગમગતા દિપાવલીના પર્વની ગુરુવારથી શરૂઆત થશે. અગિયારસથી જ શહેરમાં ઘરે ઘરે દિવડાની હારમાળા સાથે રંગબેરંગી રોશની જમગમતી જોવા મળશે. શહેરના શોપિંગ બજારમાં પણ દિવાળીના પર્વને અનુલક્ષી ભીડ જોવા મળશે. કપડા તેમજ મીઠાઈ સહીત નતનવી ખરીદી માટે નગરજનો ઉત્સુક છે. જયારે સરકારે આ વર્ષે પગાર પણ વહેલો કરવાની જાહેરાત કરતા બજારમાં હવે ઘરાકી ઉભરાય તેમ પણ વેપારી વર્ગને આશા છે.

દિવાળીના પર્વ દરમિયાન શહેરીજનો મોટાભાગે બહારગામ ફરવા જવાનુ પસંદ કરતા હોય છે.પરંતુ આ વર્ષે ડેન્ગયુના રોગચાળાએ જોર પકડતા જન આરોગ્ય પણ વિશેષ પ્રભાવિત છે. આવા સંજોગોમાં બહારગામ ફરવા જનારા પરિવારોની સંખ્યા પણ ઓછી છે. આજથી શરૂ થતા દિવાળીના પર્વને અનુલક્ષી નગરમાં અનેરા ઉત્સાહનો માહોલ છવાયો છે.

# શહેર અને જિલ્લામાં વધતા જતા ડેન્ગ્યુના કેસોને પગલે સરકાર હરકતમાં આવી

**શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ, ફોગીંગ અને એન્ટીલારવેલની કામગીરી સઘન બનાવાઈ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા ડેન્ગ્યુના કેસોને પગલે મ્યુનિ. કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ઝડપથી સઘન પગલાં લેવા માટે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે સૂચના આપી છે તેવો સંકેત જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે પત્રકાર પરિષદમાં આપ્યો હતો.

પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે બન્ને તંત્ર દ્વારા સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે એકરાર કર્યો હતો કે અત્યાર સુધીમાં ૨૮૦ જેટલા કેસો નોંધાઈ ચુક્યા છે.

પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે એમ પણ કહ્યુ હતુ કે તંત્રની વિવિધ ટીમો દ્વારા ફોગીંગ, એન્ટીલારવેલ, સોર્સ રિડક્શન સહિતના પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે.

સે. ૧૨, ૧૩ અને સે. ૫ એ સંવેદનશીલ તંત્ર માની રહ્યુ છે ત્યારે મહાત્મા મંદિર પરિસરની નજીકના આ વિસ્તારો છે ત્યાં તંત્રએ કોઈ ખાસ ડ્રાઈવ કરી છે કે કેમ ? જે પ્રશ્નનો ઉત્તર આપવાનું ટાળી પત્રકાર પરિષદ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી.

દરમ્યાન ગાંધીનગર શહેરમાંથી આજે પણ દસ જેટલા કેસ મળી આવ્યા હતા. તંત્રની ટીમો દ્વારા સઘન અને સતત સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે આ ઉપરાંત ફોગીંગ તેમજ એન્ટી લારવેલની કામગીરીને પણ વધુ સઘન બનાવવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ ગઈકાલે આપેલ કડક સૂચના પછી આજે જિલ્લામાં સર્વેલન્સની કામગીરી ચારેય તાલુકામાં હાથ ધરવામાં આવી છે એટલુ જ નહિ બ્રિડીંગનો નાશ કરવા માટે સોર્સ રિડક્શન એક્ટીવીટી અને જન જાગૃતિ અભિયાન પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# દિપાવલીની રજાનો માહોલ કર્મયોગીઓ માણી શકશે નહિ

**૩૧મીના રોજ એકતા દિવસની ઉજવણીને પગલે તંત્રના અધિકારીઓનું વેકેશન ઝુંટવાશે**

ગાંધીનગર, તા. ૨૩

આ વર્ષે દિવાળીની રજાઓનો સરસ સંયોગ રચાયો હોવા છતાં તંત્રના અધિકારીઓને આ રજાઓ એકાદ-બે દિવસને બાદ કરતાં માણવા મળશે નહિ.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની મુલાકાત પછી વડાપ્રધાન ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે તેથી તંત્રના અધિકારીઓ દ્વારા કાર્યક્રમોના આયોજન અને તેને સફળ બનાવવાના પ્રયત્નોમાં વ્યસ્ત બન્યા છે.

૩૧મી ઓક્ટો.ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ હોવાથી તેની ઉજવણી માટે પણ તંત્રને દિપાવલીના તહેવાર પછી તુરત જ તૈયારીઓ હાથ ધરવાની થશે. તંત્રના અધિકારીઓને આ વેકેશન માણવા મળશે નહિ બીજી તરફ આ વખતે ગાંધીનગરથી ફરવા જતા પરિવારોની સંખ્યામાં પણ મોંઘવારી અને અન્ય કારણોસર ઘટાડો જોવા મળી રહ્યુ છે. વેકેશનના સમયમાં ખાલી લાગતુ નગર આ વખતે ભરેલુ ભરેલુ લાગશે. જો કે ગાંધીનગરના બજારમાં હજુ દિવાળીનો મુડ બહુ જોવા મળતો નથી.

# ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમ દ્વારા આજે રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન

**૧૨૫થી વધુ સ્પર્ધકો ભાગ લેશે : સ્પર્ધાની રંગોળી જાહેર જનતાના પ્રદર્શન માટે ખુલ્લી મુકાશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ ધ્વારા દિવાળીના તહેવારો નિમિત્તે તા. ૨૪મી ઓક્ટોબરને ગુરૂવારે સરકારી લગ્નવાડી, સેકટર-૭, ગાંધીનગર ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં સૌપ્રથમ વખત નગરકક્ષાએ યોજાઈ રહેલી રંગોળી સ્પર્ધામાં નાગરિકોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો છે. ૧૨૫થી વધુ લોકોએ રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો છે. ગુજરાતના જાણીતા કવિ-ચિત્રકાર માધવ રામાનુજ, ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ અને ગાંધીનગર મનપાના સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન દવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ ધ્વારા સ્થાપનાના રજતજયંતી વર્ષમાં વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણી અંતર્ગત ૨૪મી ઓક્ટોબરને ગુરૂવારે બપોરે ૧.૦૦ થી ૪.૦૦ વાગ્યા દરમિયાન સરકારી લગ્નવાડી, સેકટર-૭, ગાંધીનગર ખાતે અલગ અલગ ચાર વયજૂથમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૮ થી ૧૦ વર્ષ, ૧૧ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૪૦ વર્ષ અને ૪૧ વર્ષથી વધુ એમ ચાર વયજૂથમાં થઈને ૧૨૫ થી વધુ સ્પર્ધકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. દરેક જૂથમાં વિજેતાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ત્રણ કેટેગરીમાં ઈનામો અપાશે.

ફ્રી-હેન્ડના વિષય સાથે યોજાઈ રહેલી રંગોળી સ્પર્ધામાં સ્પર્ધકો રંગોળી પાવડર, કલર કરેલી રેતી અને ચમકતા સૂકા પાવડરથી રંગોળી કરશે. બપોરે ૧ થી ૪ વાગ્યા દરમિયાન સ્પર્ધા યોજાશે, ત્યારબાદ સ્પર્ધકોએ દોરેલી રંગોળીઓનું પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું મુકાશે. નાગરિકોને આ વિશિષ્ટ રંગોળી સ્પર્ધાની કૃતિઓ નિહાળવા-માણવા જાહેર આમંત્રણ છે.



દિવાળી ઈફેક્ટ - દિવાળી પર્વોને આડે હવે માત્ર ગણતરીના કલાકો બાકી છે ત્યારે બજારમાં ચહલપહલ જામી છે... દિવાળી નજીક આવતા બજારોમાં અચાનક જ રોનક આવી ગઈ છે. તૈયાર વસ્ત્રોની ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. ભારે ઘરાકીના કારણે મોડી રાત સુધી દુકાનો ખુલ્લી રહે છે.

# દિપડાની શિકારી હરકતથી ગ્રામજનોમાં ભયની લાગણી

**વનતંત્રએ મારણ સાથે પાંચથી વધુ પાંજરા મુક્યા**

ગાંધીનગર તા ૨૩

દોલારાણા વાસણા બાદ અંબોડ અને અમરાપુરમાં દિપડો હોવાની હકીકત પ્રકાશમાં આવતા વનતંત્રએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. દિપડાએ અંબોડ તેમજ અમરાપુર ગામમાં બે બકરીનો શિકાર કરતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો છે. જો કે વનતંત્રએ પાંચ થી વધુ પાંજરા મુકીને દિપડાને કેદ કરવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ છે.

દિપડાએ છેલ્લા બે દિવસમાં અંબોડ અને અમરાપુરમાં બે બકરીનો શિકાર કર્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. દિપડાને કેદ કરવા માટે અંબોડમાં પાંજરા પણ મુકવામાં આવ્યા છે. ગાંધીનગર શહેર તેમજ નદીકીનારાના ગામોમાં દિપડાની દહેશત યથાવત છે. ત્યારે વનતંત્રએ દિપડાને કેદ કરવા માટે સઘન પ્રયાસો શરૂ કરી દીધા છે. દોલારાણા વાસણામાંથી દિપડો પકડાયા બાદ આ જ વિસ્તારમાં અલબત્ત દોલારાણા વાસણા જંગલ વિસ્તારમાં દિપડી અને બચ્ચુ હોવાનુ સામે આવ્યુ હતુ આ ઉપરાંત ચાર દિવસ પુર્વે સાબરમત્તી નદી કીનારાના અંબોડ ગામમાં પણ દિપડાએ એક પાડા પર હુમલો કર્યો હતો. જેને અનુલક્ષી દોલારાણા વિસ્તારમાં જે રીતે દિપડાને પકડયો હતો તેવી રીતે અંબોડમાં પણ શિકાર કરેલા પાડાને મારણ તરીકે મુકી અંબોડના જંગલમાં પાંજરુ મુકવામાં આવ્યુ હતુ આ વિસ્તારમા પાંચ પાંજરા પણ મુકવામાં આવ્યા હતા તેમ છતા આ વિસ્તારમાંથી દિપડો પકડયો નથી. તો બીજીતરફ અંબોડ ગામમાં એક માલધારીના બકરીનો દિપડાએ શિકાર કર્યો છે. અંબોડ પાસે આવેલા અમરાપુર ગામમાં પણ દિપડાએ બકરીનો શિકાર કર્યો છે. છેલ્લા બે દિવસમાં દિપડો બે બકરીનો શિકાર કર્યો છે.જેના લીધે ગામજનોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. દિપડાને કેદ કરવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. આ વિસ્તારમાં પાંચથી વધુ પાંજરા મારણ સાથે મુકી દેવાયા છે.

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ગાંધીનગર અને કલોલ ખાતે**

# ૪૧૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત યોજાશે

**ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર, મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ અને મંત્રીમંડળના સભ્યોની પ્રેરક ઉપસ્થિતિ**

ગાંધીનગર તા ૨૩

કેન્દ્રિય ગૃહ મંત્રી તથા ગાંધીનગર સંસદસભ્યશ્રી અમિત શાહના હસ્તે ૨૫મી ઓક્ટોબરે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગર મહાનગરપાલિકા તથા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આયોજિત રૂ. ૪૧૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના મેગા લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા સહાય વિતરણ કાર્યક્રમ ગાંધીનગર અને કલોલ ખાતે યોજાનાર છે.

ગાંધીનગર શહેર ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેરોસીન ફ્રી ગાંધીનગરના લાભાર્થીઓને કીટ વિતરણ, વિધવા સહાય- વૃદ્ધ સહાયના લાભાર્થીઓને મંજૂરી પત્રો, આયુષ્યમાન ભારત કાર્યક્રમના લાભાર્થીઓને કાર્ડ વિતરણ, કુડાસણ ખાતે શેલ્ટર હોમનું ખાતમુહૂર્ત, ગાંધીનગર સ્માર્ટ સિટી યોજના હેઠળ રોડ નંબર -૬ અને ૭ તથા ગ-રોડ સ્માર્ટ રોડ કામગીરીનું ખાતમુહૂર્ત, ગાંધીનગર સ્માર્ટ સિટી યોજના હેઠળ ઘ-૪ જંકશન અને ગ-૪ જંકશન ખાતે અન્ડરપાસના કામોનું ખાતમુહૂર્ત, ઈન્ટિગ્રેટેડ

● અનુસંધાન પાન-૭ પર

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-66701001 / 23268500
Fax: +91-79-23268506 Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 8th November, 2019, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company *(Standalone & Consolidated)* for the Quarter and Half Year ended on 30th September, 2019.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at **www.bseindia.com** and at **www.nseindia.com**.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary
Place: Gandhinagar
Date: 23rd October, 2019

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com